જામનગર મહાનગર સેવા સદન
વોટર વર્કસ શાખા

તા.૨૪/૦૨/૨૦૧૮.

## :: અખબારી યાદી ::

જામનગર મહાનગરપાલિકાની વોટર વર્કસ શાખાની યાદી જણાવે છે કે, ચાલુ સાલે ઉનાળાની ઋતુમાં પાણીની ઉણપીને ધ્યાને લેતા તમામ લોકોને પીવાનુ પાણી મળી રહે તેમજ કિંમતી પાણીનો બગાડ ન થાય તેવા હેતુને ધ્યાને લેતા જામનગર શહેર વિસ્તારમાં નળ વાટે પાણી મેળવતા આસામીઓ દ્વારા નળની પાઈપ લાઈનમાં નળ ફીટ કરવામાં આવેલ ન હોય તેવા લોકોએ દિવસ–૭માં નળ ફીટ કરાવી લેવાના રહેશે. દિવસ–૭ બાદ આવા નળ વિનાની પાઈપ લાઈન માલુમ પડશે તો આવા નળ કનેકશન ડીસ કનેકટ કરી પાણી પુરવઠો બંધ કરવામાં આવશે. જેની સ્પષ્ટ સુચના આપવામાં આવે છે. શહેરમા આવેલ જુદા જુદા સ્લમ વિસ્તારના લોકોને આવા નળ ફીટ કરાવવાની જરૂરીયાત હોય તેવા આસામીઓએ તેમના નળ વેરાની પહોંચ રજુ કર્યેથી રૂા.૫.૦૦ (પાંચ)માં ટોકન રેઈટથી પ્લાસ્ટીકના નળ મ.ન.પા.ની વોટર વર્કસ શાખાના ઝોન ઓફીસ પરથી ઓફીસ સમય દરમ્યાન પ્રાપ્ત થઈ શકશે.

વધુમાં જામનગર મહાનગરપાલિકાનું સને ૨૦૧૮–૧૯નું બજેટ તા.૧૯/૦૨/૨૦૧૮ થી મંજુર કરવામાં આવેલ છે. જેમા ભુતિયા નળ કનેકશન તા.૨૧/૦૨/૨૦૧૮ થી રેગ્યુલરાઈઝ કરવાનું મંજુર કરવામાં આવેલ છે. જેઓને ભુતિયા નળ કનેકશનની નોટીશ અપાયેલ ન હોય તેવા આસામીઓએ પણ દિવસ–૧૫માં ભુતિયા નળ કનેકશન રેગ્યુલરાઈઝ કરાવી લેવાના રહેશે.,જેમાં નિષ્ફળ ગયેથી આવા નળ કનેકશનો ડીસ કનેકટ કરી પાણી પુરવઠો બંધ કરવામાં આવશે. તેમજ જેઓને અત્રેથી નોટીશ આપેલ હોય તેવા આસામીઓ ત્વરીત અસરથી રેગ્યુલરાઈઝ ચાર્જીસ ભરપાઈ કરીને ત્વરીતે તેમના નળ કનેકશનો રેગ્યુલરાઈઝ કરાવી લેવાના રહેશે. અન્યથા ધોરણસરની પોલીસ ફરીયાદ કરવામાં આવશે જે ધ્યાને રાખીને જે તે આસામીઓએ સ્વેચ્છાએ તેમના ભુતિયા નળ કનેકશન રેગ્યુઈરાઈઝ કરાવી લેવા અનુરોધ કરવામાં આવે છે.

કમિશ્નર
જામનગર મહાનગરપાલિકા

રવાના કર્યુ,

કાર્યપાલક ઈજનેર
વો.વ.

નકલ સવિનય રવાના::–
૧) માન. કમિશ્નરશ્રી કાર્યાલય  ૨) સેક્રેટરીશ્રી કાર્યાલય

પ્રતિ,
તંત્રીશ્રી,
..................................

આ અખબારી યાદી વિના મુલ્યે આપના દૈનિક પત્રમાં પ્રસિધ્ધ કરવા વિનંતી

Scanned by CamScanner